# *લોક અદાલત સંદર્ભે*
# *પ્રશ્નો અને તેના જવાબ*

**(૧) લોક અદાલત એટલે શું અને તેની મહત્તા શું છે ?**

**(૨) લોક અદાલતની જે વ્યવસ્થા છે તેને વૈધાનિક દરજ્જો મળેલ છે ?**

**(૩) શા માટે લોક અદાલતમાં સમાધાન લાયક કેસો પક્ષકારે મુકવા જોઈએ ? તેનો ફાયદો શું છે ?**

**જવાબ ૧,૨,૩.**

લોક અદાલત એટલે લોકોની અદાલત, જે ખ્યાલ અદાલતી વ્યવસ્થાના વિકલ્પ એટલે કે, વૈકલ્પિક તકરાર નિવારણ (અલ્ટરનેટીવ ડીસ્પૂટ રીઝોલ્યુશન) નો પ્રકાર છે. કોર્ટમાં કેસ ચાલે ત્યારે પક્ષકારો વચ્ચે ઘર્ષણનું વાતાવરણ રહે અને ચૂકાદો એક પક્ષકારની તરફેણમાં અને બીજાની વિરૂધ્ધમાં આવે, જેથી આ ઘર્ષણ વધે. વ્યથિત પક્ષકાર ઉપલી અદાલતમાં અપીલ પણ કરે, જેથી તકરારનો અંત ન આવે. આ સ્થિતિ જોતાં એવા કેસો કે જેમાં પક્ષકારો વચ્ચેની તકરારનું સમાધાનથી નિરાકરણ થઈ શકે તો પક્ષકારો વચ્ચેનો સંબંધ પણ સચવાય. સમસ્યાનો અને તકરારનો કાયમી અંત પણ આવે અને પક્ષકારને ઝડપી ન્યાય પણ મળી શકે. લોક અદાલતમાં બે પક્ષકારો વચ્ચે સમાધાનની પ્રક્રિયા કન્સીલેટર ધ્વારા કરવામાં આવે છે અને પક્ષકારોના કેસ સંદર્ભે ઉપસ્થિત પ્રશ્નોના વિકલ્પોની ચર્ચા કરવામાં આવે. જેથી તકરારનો નિવેડો લાવી શકાય. આ વ્યવસ્થામાં પક્ષકારોની સંમતિથી સમાધાન કરવામાં આવતું હોય લોક અદાલતમાં કન્સીલેટરની દરમ્યાનગીરીથી કરવામાં આવેલ એવોર્ડ એ આખરી છે. પક્ષકારોને બંધનકર્તા છે. તે દિવાની અદાલતના હુકમનામાને સમકક્ષ છે અને તેની સામે કોઈ અપીલ થઈ શકતી નથી. તેથી હાલની ભારતની ન્યાય પ્રણાલીમાં લોક અદાલત અગ્ર હરોળનું સ્થાન ધરાવે છે. લોક અદાલતમાં પક્ષકારોને ખાસ કરીને વાદીને સંપૂર્ણ કોર્ટ ફી પરત મળે છે.

૧૯૯૭ ની સાલ પહેલાં લોક અદાલતનું આયોજન કાયદાના પ્રબંધ અનુસાર કરવામાં આવતું ન હતું, પરંતુ લીગલ સર્વિસીસ ઓથોરિટી એક્ટ ૧૯૮૭ નો કાયદો અમલી બનતાં લોક અદાલત અધિકૃત રીતે અને વૈધાનિક રીતે તાલુકા સ્તરે, જિલ્લા સ્તરે, હાઈકોર્ટમાં, સીટી સિવિલ

કોર્ટમાં તથા મેટ્રોપોલીટન કોર્ટમાં યોજવામાં આવે છે અને લોક અદાલતમાં કયા કેસો મુકાય, લોક અદાલતની કાર્યવાહી કેવી રીતે થાય, કન્સીલેટર તરીકે કોણ કામ કરે, પક્ષકારો વચ્ચે સમાધાન થાય તો તેનો એવોર્ડ કેવી રીતે બને અને લોક અદાલતમાં મૂકેલા કેસમાં સમાધાન ન થાય તો શું સ્થિતિ થાય, તે અંગેના તમામ પ્રબંધો આ કાયદામાં કરવામાં આવેલ છે. વધુમાં આ કાયદામાં ત્રિસ્તરીય વહીવટી માળખું જણાવવામાં આવેલ છે. જેમાં જિલ્લા સ્તરે, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, રાજય સ્તરે રાજય કાનૂની સેવા સત્તામંડળ અને રાષ્ટ્રીય સ્તરે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળની રચના કરવામાં આવી છે. તેમજ હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટમાં લીગલ સર્વિસ કમિટીની રચના કરવામાં આવી છે અને આ સંસ્થા ધ્વારા રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ નાલસા ધ્વારા આપેલ રૂપરેખા અનુસાર લોક અદાલતનું આયોજન કરવામાં આવે છે. તેથી લોક અદાલતની વ્યવસ્થા વૈધાનિક છે અને કાયદાની જોગવાઈ પ્રમાણેની છે.

**(૪) લોક અદાલતનું આયોજન કઈ સંસ્થા ધ્વારા અને કેટલા સમયના અંતરે કરવામાં આવે છે ?**

**<u>જવાબ:</u>** (૪)લોક અદાલતનું આયોજન કોઈપણ તાલુકા, જિલ્લા, હાઈકોર્ટ કે સુપ્રિમ કોર્ટમાં લીગલ સર્વિસ ઓથોરિટી એકટના પ્રબંધો અનુસાર ગમે ત્યારે થઈ શકે, પરંતુ એકસુત્રતા જળવાય તે માટે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ નાલસા ધ્વારા વર્ષની શરૂઆતમાં જ રાષ્ટ્રીય અદાલત, એટલે કે નેશનલ લોક અદાલતનું આયોજન કઈ તારીખે કરવાનું તે નિર્ણિત કરવામાં આવે છે અને મોટા ભાગે દેશના તમામ રાજયોમાં આ તારીખોએ લોક અદાલતનું આયોજન કરવામાં આવે છે. હાલ વર્ષમાં ચાર નેશનલ લોક અદાલતોનું આયોજન થાય છે, તેમાં આગામી નેશનલ લોક અદાલત ૧૨ મી માર્ચ–૨૦૨૨ ના રોજ છે. લોક અદાલતના પ્રકારની વાત કરીએ તો, રાષ્ટ્રીય લોક અદાલત દેશભરની અદાલતોમાં એકજ દિવસે યોજાય છે. આ ઉપરાંત માસના પ્રત્યેક કામગીરી ચાલુ હોય તેવા શનિવારે કન્ટીન્યુઅસ લોક અદાલત રાજયની તમામ અદાલતોમાં યોજાય છે. અલગ અલગ વિસ્તારો માટે સામાન્ય બાબતોના નિરાકરણ લાવવા માટે મોબાઈલ લોક

અદાલતની પણ જોગવાઈ છે. તદ્દ ઉપરાંત નકકી કરેલા દિવસે કાયમી લોક અદાલતની જોગવાઈ પણ કરવામાં આવેલ છે. જે પ્રજા ઉપયોગી જાહેર સેવાને લગતા કેસો માટે યોજવામાં આવે છે.

**(૫) લોક અદાલતમાં કયા પ્રકારના કેસો મૂકી શકાય ?**

**<u>જવાબ</u>: (૫)** નીચે જણાવેલ પક્ષકારના કેસો/બાબતો લોક અદાલત સમક્ષ મુકાઈ શકે.

- દામ્પત્યજીવન/કૌટુંબિક વિવાદો.
- ફોજદારી કંપાઉન્ડેબલ(માંડવાળ થઈ શકે તેવા) મુકદ્દમા.
- જમીન સંપાદન કેસો.
- શ્રમયોગીના વિવાદો.
- કામદારોનું વળતર.
- બેંકના વસુલાતના કેસો–ચેક પરત ફરવાના કેસો સહિત.
- પેન્શન કેસ.
- ગૃહ નિર્માણ બોર્ડ અને સ્લમ કલીયરન્સ કેસો તથા ગૃહ ધિરાણના કેસો.
- ગ્રાહક તકરારના વિવાદો.
- વિદ્યૃત/ઈલેકટ્રીસીટીને લગતા કેસો.
- મહાનગર સેવા સદન(મ્યુનિસિપલ) અંગેની બાબતો–ઘરવેરા સહિત.
- મોબાઈલ ફોન કંપની વિગેરે સાથેના વિવાદો.
- એમ.એ.સી.ટી.(વાહન અકસ્માત વળતર) અંગેના કેસો.
- દિવાની વિવાદો.
- ભાડા અંગેની બાબતો.
- સુખાધિકારને લગતી બાબતો.

**(૬) એવા કોઈ કેસો ખરા કે જે લોક અદાલતમાં ન મુકી શકાય ?**

**<u>જવાબ</u>: (૬)** હા, બહુ સરસ પ્રશ્ન કર્યો છે. એવું નથી કે, અદાલતમાં દાખલ થયેલ તમામ કેસો લોક અદાલતમાં મુકી શકાય. નાલસા દ્વારા બનાવવામાં આવેલ રેગ્યુલેશન મુજબ છુટાછેડા અંગેના કેસો તથા ફોજદારી બીન સમાધાનલાયક કેસો લોક અદાલતમાં મુકી શકાય નહિ, જેથી એમ કહી શકાય કે આવા કેસો લોક અદાલતમાં મુકવાનો બાધ છે.

**(૭) લોક અદાલતમાં મૂકેલ કેસો અંગે શું કાર્યવાહી કરવામાં આવે છે ?**

**(૮) લોક અદાલતમાં સામેલ થવા માટે અથવા પોતાના કેસમાં સમાધાન થવા માટે પક્ષકારે શું કરવાનું ?**

**જવાબ:** (૭,૮) લોક અદાલતમાં પોતાનો કેસ મુકવા માટે પક્ષકારે અદાલતમાં અરજી કરવાની રહે છે અથવા રજૂઆત કરવાની રહે છે અને અદાલત ધ્વારા આ કેસ લોક અદાલતમાં મુકવા સંદર્ભે હુકમ કરવાનો હોય છે. તદ્‌ઉપરાંત અદાલતને જો યોગ્ય જણાય અને કેસમાં સમાધાનના તત્વો હોવાનું જણાય તો અદાલત પોતાની રીતે પણ કેસ લોક અદાલતમાં મુકવા હુકમ કરી શકે છે. સામાન્ય રીતે આ અંગે સામા પક્ષકારની સંમતિ મેળવવામાં આવે છે અને લોક અદાલતના દિવસે પક્ષકારો અને તેમના વકીલો, મધ્યસ્થી એટલે કે કન્સીલેટરો હાજર રહે છે. તેઓના કેસ અંગે કન્સીલેટર ધ્વારા પક્ષકારો વચ્ચે તકરારની દરમ્યાનગીરીનો પ્રયાસ થાય છે અને તકરારનો નિવેડો લાવવાનો પ્રયાસ થાય છે. જો પક્ષકારો વચ્ચેની તકરારનું નિરાકરણ આવી જાય તો લોક અદાલતનો એવોર્ડ કરવામાં આવે છે. જે ચૂકાદાની સમકક્ષ છે, અને દિવાની અદાલતના હુકમનામાના દરજ્જા સમાન છે, અને જો કેસમાં સમાધાન ન થાય તો કેસ પુન: અદાલતી કાર્યવાહી માટે અદાલતમાં મોકલવામાં આવે છે.

**(૯) લોક અદાલત શું માત્ર અદાલતમાં પેન્ડિગ કેસો પૂરતી જ હોઈ શકે ?**

**જવાબ:** (૯) પ્રશ્ન ખુબ ઉચિત છે. લોક અદાલત માત્ર પેનડિંગ કેસ પુરતી નહિ પરંતુ જે તકરાર હજી અદાલતમાં દાવા સ્વરૂપે પહોંચેલ નથી તે અંગે પણ પ્રિલિટીગેશનની લોક અદાલત થઈ શકે છે, જેના માટે પણ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ કે રાજય કાનૂની સેવા સત્તામંડળનો સંપર્ક થઈ શકે.

**(૧૦) લોક અદાલત શું માત્ર અદાલતમાં પેન્ડિગ કેસો પૂરતી જ હોઈ શકે ?**

**<u>જવાબ</u>: (૧૦)** ગુજરાત રાજયમાં લીગલ સર્વિસીસ ઓથોરિટીનો કાયદો આવ્યો તે પહેલાંથી વેપારી વર્ગમાં વાણિજિયક તકરારોમાં દામ્પત્ય જીવનને લગતા કેસોમાં તથા વળતરના કેસોમાં પક્ષકારો વચ્ચે સમાધાનનો આશરો લેવા સારુ લોક અદાલત સને ૧૯૮૨ ની સાલથી કાર્યરત છે અને ઉત્તરોત્તર લોક અદાલતનો ખ્યાલ પક્ષકારોમાં, વકીલોમાં તથા ન્યાયિક વ્યવસ્થા સાથે સંકળાયેલા તમામ પરિબળોમાં પ્રચલિત બનતો જાય છે. ગયા વર્ષે મહામારીનો સમય હોવા છતાં ગુજરાત રાજયમાં આયોજિત કરવામાં આવેલ લોક અદાલતના દિવસે કુલ ૭,૭૦,૮૨૫ કેસો નિકાલ થયેલ છે.

**(૧૧) આ વર્ષ દરમ્યાન લોક અદાલતના આયોજન અંગે કોઈ નિર્ણય થયા છે ? જો કોઈ કારણવશ મહામારી કે અન્ય કારણથી અદાલતી કાર્યવાહી ઓન–લાઈન ચાલુ હોય તો લોક અદાલતનું આયોજન શકય છે ? તેમાં શું કરવાનું રહે ?**

**<u>જવાબ</u>(૧૧)** ચાલુ વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય લોક અદાલત અંગે નાલસા ધ્વારા તારીખ ૧૨ મી માર્ચ–૨૦૨૨ ના રોજ તથા અન્ય ત્રણ લોક અદાલતોનું આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. વધુમાં પ્રત્યેક ચાલુ પહેલાં અને ત્રીજા શનિવાર દરમ્યાન કન્ટીન્યુઅસ લોક અદાલત પ્રત્યેક જિલ્લામાં કાર્યરત રહે છે અને મોબાઈલ લોક અદાલત પણ સામાન્ય પ્રશ્નોના નિરાકરણ માટે કાર્યરત રહે છે. ગયા વર્ષ દરમ્યાન મહામારીને લઈને અદાલતી કાર્યવાહી વર્ચ્યુઅલ એટલે કે, ઓન લાઈન હતી ત્યારે લોક અદાલતનું પણ ઓન લાઈન આયોજન કરવામાં આવેલ અને તેમાં પણ સફળતા મળેલ અને ૨૩,૩૨૮ કેસો ઓન લાઈન લોક અદાલતથી સમાધાન થયેલ. પક્ષકારોએ પોતાના કેસોની નોંધણી ઓન લાઈન કરવાની રહે છે, અને જિલ્લા સ્તરે, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સેક્રેટરીનો સંપર્ક કરવાનો રહે છે, જે લોક અદાલતની કાર્યવાહી ઓન લાઈન શકય બનાવે છે અને જો સમાધાન થાય તો આવા કેસોમાં પણ એવોર્ડ દોરવામાં આવે છે.

**(૧૨) લોક અદાલતને લગતી કોઈપણ મુંઝવણ કે કોઈપણ પ્રશ્ન હોય તો તે સંદર્ભે પક્ષકારે કયાં સંપર્ક કરવો ?**

**<u>જવાબ</u>: (૧૨)** લોક અદાલતને લગતી કોઈપણ મુંઝવણ કે પ્રશ્ન હોય તો, પક્ષકાર કે કોઈપણ વ્યકિત નજીકના જિલ્લા કાનૂની સેવા સત્તામંડળનો કે ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળનો સંપર્ક કરી શકે, અથવા તો ટોલ ફ્રી નં.૧૫૧૦૦ નો સંપર્ક કરી શકે અથવા તો ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળની વેબસાઈટની મુલાકાત લઈ શકે.